# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-04-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી-શહેરી વિસ્તારોના-વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી -:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજ્યના શહેરી વિસ્તારોના સુઆયોજિત વિકાસ માટે 1202 કરોડ 75 લાખ રૂપિયાના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

રાજ્યની 8 નવરચિત મહાનગરપાલિકાઓમાં રોડ રસ્તા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ, સેનિટેશન જેવા ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો ઉપરાંત આંગણવાડી, શાળાના મકાનો, લાઇબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર, બ્યુટીફિકેશન,પાણી પુરવઠા, વગેરે કામો માટે 585 કરોડ 83 લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. જે પૈકી ગાંધીધામ મહાનગરપાલિકાને 104 કરોડ 07 લાખ રૂપિયાના વિકાસ કામોનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રીએ આ નવરચિત મહાનગરપાલિકાઓમાં જાહેર પરીવહનની માંગને પહોંચી વળવા માટે મુખ્યમંત્રી શહેરી બસ સેવાઓની CNG બસોના સંચાલન માટે 2025 થી 2027ના ત્રણ વર્ષ સુધી દર વર્ષે 39 કરોડ રૂપિયા આપવાનો પણ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

---

## જિલ્લા આયોજન મંડળની બેઠક:

જિલ્લાના પ્રભારી મંત્રી તેમજ શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલપાનશેરીયાના અધ્યક્ષસ્થાને વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે જિલ્લા આયોજન મંડળની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી.

બેઠકમાં ૨૦૨૨-૨૩ના વર્ષ થી ૨૦૨૪-૨૫ સુધીના મંજૂર થયેલા, શરૂ ન થયેલા અને પ્રગતિ હેઠળના તમામ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૩૪૫ લાખ રૂપિયાના કુલ- ૫૩૯ વિકાસ કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

૧૫ ટકા વિવેકાધિન ગ્રાન્ટના કુલ રૂપિયા ૧૧૭૦ લાખના ૫૧૫ કામો વિવિધ તાલુકાઓ માટે મંજૂર કરવામાં આવ્યા છે. આ સાથે જિલ્લાની તમામ નગરપાલિકાના પ્રતિ નગરપાલિકા દીઠ ૨૫ લાખ લેખે સાત નગરપાલિકાના ૧૭૫ લાખ રૂપિયાના કુલ ૨૪ કામો મંજૂર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર તરફથી મળતી બક્ષીપંચની ગ્રાન્ટમાંથી ૫૦ લાખના કુલ ૨૧ કામો મંજૂર કરવામાં આવ્યા છે. આ સાથે સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉત્કર્ષ માટેની ખાસ યોજના હેઠળ ૫૦ લાખના ખર્ચે રજૂ થયેલા ૪૫ કામ પણ મંજૂર કરાયા હતા.

આ પ્રસંગે પ્રભારી મંત્રીએ બાકી કામો તથા નવા આયોજનના કામોને સમયમર્યાદામાં ગુણવત્તાયુકત તેમજ સ્થાનિક પદાધિકારી તથા ધારાસભ્યો સાથે સંકલન સાધીને પૂર્ણ કરવા તાકીદ કરી હતી. તેમણે સંકલન તથા સમતોલ વિકાસ કરવા તેમજ છેવાડાના ગામ સુધી સરકારી યોજનાનો લાભ આપવા સૂચન કર્યું હતું.

---

## GPSC પરીક્ષા-:

**ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન-GPSC દ્વારા આજે 21 જિલ્લાના 405 કેન્દ્રો પર વર્ગ-1 અને વર્ગ-2ની જગ્યા માટે પરીક્ષા યોજાઈ હતી. જેમાં કુલ 97 હજાર ઉમેદવારોએ આજે બપોરે 12 થી 3 વાગ્યા દરમિયાન આ પ્રાથમિક કસોટી આપી હતી.**

**આકરી ગરમી વચ્ચે પરીક્ષા આપવા આવેલા ઉમેદવારોને કોઈ તકલીફ ન પડે તે માટે તંત્ર દ્વારા લીંબુ શરબત, પાણીની વ્યવસ્થા સહિતની વિશેષ તકેદારીઓ લેવામાં આવી હતી. અત્યાર સુધી પરીક્ષા કેન્દ્રોમાં પેપર શરૂ થવાની 30 મિનિટ પહેલાં પ્રવેશ અપાતો હતો, તેના બદલે આજે પોણા બે કલાક વહેલો પ્રવેશ આપવામાં આવ્યો હતો.**

---

## ખોરાક અને ઔષધ નિયમન તંત્ર:

**રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં તડબૂચના વેપારીઓને ત્યાં દરોડા પાડી તપાસ કરવામાં આવી હતી. 350 જેટલી પેઢીઓની તપાસ દરમિયાન 400-થી વધુ તડબૂચના નમૂનાઓને આકસ્મિક સ્થળ પર તપાસવામાં આવ્યા હતા. દરમિયાન કોઈ નમૂનામાં કૃત્રિમ રંગની હાજરી જોવા મળી નહતી. આ ઉપરાંત, કોઈ પણ પેઢીને ત્યાંથી કૃત્રિમ કલર, ઈન્જેક્શન જેવી વસ્તુઓ તપાસ દરમ્યાન સ્થળ પર જોવા મળ્યા નહોતી તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું.**

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી-કાર્યશાળા:

ગુજરાત ટૂરિઝમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા કચ્છ યુનિવર્સિટીના વ્યાવસાયિક અભ્યાસ વિભાગના સહયોગથી `કચ્છ પ્રવાસનનું સપ્તપરિમાણી દર્શન' વિષય પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં નિષ્ણાત વક્તા દલપતભાઈ દાણીધારિયાએ કચ્છમાં સાત મહત્ત્વપૂર્ણ પર્યટન માર્ગો પર પ્રકાશ પાડતા વિગતવાર નકશા અને મનમોહક ઐતિહાસિક કથાઓ દ્વારા સહભાગીઓને માહિતગાર કર્યા હતા. પ્રાદેશિક  પ્રવાસનમાં જાગૃતિ અને નવીનતાને પ્રોત્સાહન ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકો જોડાયા હતા.

કચ્છ યુનીવર્સીટીના કુલપતિ ડો. મોહન પટેલે કચ્છમાં પ્રવાસનની સંપૂર્ણ સંભાવનાઓને ઉજાગર કરવા માટે પ્રશિક્ષિત પ્રવાસી માર્ગદર્શકો અને પર્યટનમાં નવા અભિગમોની વધતી જતી જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

## સૈયદ મહમદશાપીરનો ઉર્સ:

અબડાસા તાલુકાના હેરિટેજ વિલેજ તેરા ખાતે સૈયદ મહમદશાપીરનો ઉર્સ ભવ્ય રીતે ઉજવાયો હતો. આ બે દિવસીય ઉજવણી દરમ્યાન વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં દરગાહ પર ચાદર ચઢાવવામાં આવી હતી તેમજ તકરીર અને ન્યાજનો કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત, પરંપરાગત કચ્છી રમત બખ મલાખડાનું આયોજન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## ઇસ્ટરની ઉજવણી:

રાજ્યની સાથે આજે કચ્છમાં પણ આજે આજે ઇસ્ટરની આસ્થા ભેર ઉજવણી થઈ રહી છે. આ પ્રસંગે, ચર્ચમાં ખાસ પ્રાર્થના સભાઓ યોજાઈ રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈસ્ટરની શુભેચ્છાઓ પાઠવી છે.

---------------------------------------------------------------------------------------------

## મર્ડવર્ક:

દસ્તકાર સમિતિ દ્વારા દિલ્હી  ખાતે યોજાયેલા નેચરલ બજાર ફેસ્ટિવલમાં મડવર્ક કલાકારોના લાઇવ ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.  જેમાં કચ્છી મડવર્ક કારીગર રમજુ કુંભારનું વિશેષ સન્માન કરાયું હતું.

---------------------------------------------------------------------------------------------